# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SUNITA WILLIAMS WISHES

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ સહિતના ચાર અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર નવ મહિના વિતાવ્યા બાદ પૃથ્વી પર સુરક્ષિત પરત ફર્યા છે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુનિતા વિલિયમ્સને અભિનંદન આપી આનંદની લાગણી વ્યકત કરી હતી.

## (બાઇટ: ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી)

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, સુનિતા વિલિયમ્સે નારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્યારે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા એ કહ્યું ભારતની દીકરીએ સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે સુનિતા વિલિયમ્સ ભારત ભૂમિની દીકરી અને ગુજરાતનું સંતાન છે. દેશ અને ગુજરાતને તેમના પર ગૌરવ છે.

. . . . . . . . . . . .

# SONOWAL GREEN HYDROZEN

કેન્દ્રીય વહાણવટા મંત્રી સર્બાનંદ સોનોવાલે એક મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ માટે ઉત્પાદિત ઇલેક્ટ્રોલાઇઝર્સને કંડલા લાવવા વર્ચ્યુઅલી પ્રસ્થાન કરાવ્યું.

આ પ્લાન્ટનો પ્રાથમિક ઉદ્દેશ ઇજનેરો અને ટેકનિશિયનોને ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન, સંગ્રહ અને હેન્ડલિંગ ઇકોસિસ્ટમમાં અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ પ્લાન્ટ જુલાઈ 2025 સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત કરવાનું લક્ષ્ય છે. જેની અંદાજિત ઉત્પાદન ક્ષમતા પ્રતિ કલાક 18 કિલો ગ્રીન હાઇડ્રોજન છે. આ સાથે DPA કંડલા બંદરના પરિસરમાં જ સ્વદેશી ઇલેક્ટ્રોલાઇઝરનો ઉપયોગ કરીને ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરનાર દેશનું પ્રથમ બંદર બનશે.

. . . . . . . . . . . .

# HARSH SANGHAVI - Merit List

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના જણાવ્યા અનુસાર આજે રાત્રે ગુજરાત એસટી નિગમની વેબસાઇટ પર કંડક્ટર કક્ષાની ૨ હજાર ૩૨૦ જગ્યા માટે નિમણુક આપવા પાત્ર ઉમેદવારનું મેરીટ લીસ્ટ અપલોડ થઈ જશે.

. . . . . . . . . . . .

# VIDHANSABHA

**રાજ્યની સરકારી પોલિટેકનીક કોલેજોમાં વર્ગ-2ની 91 ટકા જગ્યાઓ ભરાયેલી છે. વિધાનસભામાં** ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા જણાવ્યું કે સરકારી પોલિટેકનીક કોલેજોમાં વર્ગ-

રની મંજૂર કુલ 2 હજાર 232 જગ્યામાંથી હાલમાં 2 હજાર 18 જગ્યાઓ ભરેલી છે. તેમણે જણાવ્યું કે છોટાઉદેપુર જિલ્લામાં આવેલી સરકારી પોલિટેકનીક કોલેજમાં હાલની સ્થિતિએ વિવિધ 4 વિદ્યાશાખા ચાલે છે. જેમાં 467 વિદ્યાર્થીઓ સામે 30 અધ્યાપકો સેવા આપી રહ્યા છે એટલે કે 15 વિદ્યાર્થી સામે એક અધ્યાપક કાર્યરત છે.

દરમિયાન, કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાના પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું કે નાણાંકીય વર્ષ 2023-24માં રાજકોષીય ખાધ 23 હજાર 493 કરોડ રૂપિયા છે. જે રાજ્યની GSDPના માત્ર 0.97 ટકા છે. ગુજરાત રાજકોષીય અધિનિયમ 2005 પ્રમાણે રાજકોષીય ખાધ GSDPના 3 ટકાથી વધુ ન હોવી જોઈએ.

. . . . . . . . . . . .

# HAPA YARD CLOSING

જામનગરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-હાપા માર્કેટ યાર્ડના ચેરમેન મુકુંદભાઇ સભાયાએ જણાવ્યું છે કે, માર્ચ એન્ડિંગની કામગીરીના પગલે 23થી 31 માર્ચ સુધી બંધ રહેશે. આ સમયગાળામાં તમામ પ્રકારની જણસીની આવક તથા હરાજીની કામગીરી બંધ રહેશે.

હાલમાં ઘઉં, મરચા, જીરૂ જેવા પાકની સિઝન ચાલી રહી છે ત્યારે યાર્ડના સેક્રેટરી હિતેશ પટેલે ખેડુતોએ તેમનો માલ વેચવા માટે હાપા યાર્ડમાં ન લાવવા જણાવ્યું છે.  આં અંગે મુકુંદભાઈ સભાયાએ વધુ માહિતી આપી......

(બાઈટ : મુકુંદભાઈ સભાયા-ચેરમેન - હાપા માર્કેટિંગ યાર્ડ જામનગર )

. . . . . . . . . . . . .

# BHUJ – RAJKOT TRAIN

ભુજ રાજકોટ વચ્ચે લાંબા સમયથી મંજૂર થયેલી ટ્રેન 21 માર્ચથી શરૂ થશે, જે જૂન મહિના સુધી ચાલશે.

બે દાયકા જેટલા સમય બાદ ભુજ-રાજકોટ વચ્ચે ટ્રેન સેવા શરૂ થઈ રહી છે. રેલવેની યાદી પ્રમાણે આ ટ્રેન. ભુજથી સવારે 6.50 કલાકે રવાના થઈને 7.55 વાગ્યે ગાંધીધામ અને બપોરે 1.35 કલાકે રાજકોટ પહોંચશે. પરતમાં રાજકોટથી બપોરે 2.30 વાગ્યે રવાના થઈ સાંજે 8 વાગ્યે ગાંધીધામ અને રાત્રે 9.40 કલાકે ભુજ પહોંચશે. આ ટ્રેનમાં એક એસી ચેર કાર અને જનરલ કોચ સહિત 10 કોચ રહેશે.

ટ્રેન ભુજ-ગાંધીધામ ઉપરાંત ભચાઉ, સામખિયાળી, માળિયા, મોરબી સહિતના સ્ટેશનો પર થોભશે.

. . . . . . . . . . . . . .